અર્પણ પત્રિકા.

સદગુણ સંપન રા. રા. ભાઇ રાઘવજી જીવરામ.

આપે આ ઉપાધિ ગ્રસ્ત સ્થૂલ દેહના ધર્મ પ્રમાણે ભિન્ન ભિન્ન નામાભિમાનથી વ્યવહાર ચાલે છે તે તરફ દ્રષ્ટી કરીને આપ દરેક સુધારાના કામમાં તેમાં પણ વિશેષ કરી આપણા દેશમાં ધર્મની ગ્લાની થવાથી લોકો સ્વાર્થ પરાયણ થઇ ગયા અને તેમનો ખાન પાનાદિ બદલી જવાથી નાતો જાતોની પડતી દશા આવી છે ને સર્વે પાયમાલ સ્થિતિમાં આવતા જાય છે. તે જોઇ અમારી બાળ સભાના મનમાં ઉદ્વેષ આવતાં અમો એ સ્થિતિમાં ન આવીએ અને અમારી શક્તિ મુજબ અમે અમારા ભાઇઓને એ સ્થિતિમાંથી બચાવવાનું પ્રયત્ન કરીએ એમ સમજી અમે ધર્મ ચર્ચા કરવાને એક સ્થાન સ્થાપ્યું છે તેમાં સભાનું કામ શરૂ કરતાં પેહેલાં ઈશ્વર સ્તુતી કરવી અમને વધારે યોગ્ય લાગવાથી અમે એક લઘુ પ્રાર્થના પોથી પ્રસિદ્ધ કરી છે તેમાં આપે તન મન અને ધનથી મદદ કરી છે તેને માટે આપનો ઉપકાર માની વિનંતી પુર્વક આ લઘુ પોથી આપને અર્પણ કરીએ છીએ તે સ્વીકારશો એવી આશા છે.

તા. ૧-૧ ૧૯૦૩ સલ્જી દામોદર હરિદાસ.

મીત્રમંડળના પ્રેસીડેન્ટ.

પ્રસ્તાવના.

પરમેશ્વરે અનંત કોટી બ્રહ્માંડની અષ્ઠી રચના પોતાની ઇચ્છાએ નિરમાણ કરી તેમાં પોતે સર્વાત્મા સ્વરૂપે રમી રહ્યો છે. ને તેમાં અસંખ્ય પ્રાણી નાનાવિધ પદાર્થ નિરમાણ કરવામાં તેનો હેતુ શું હશે એ જાણવું અશક્ય છે. તોપણ બધા પ્રાણીઓમાં આ માણસ પ્રાણી પેદા કરવાનો તેનો હેતુ આ જણાય છે કે, આ "મારૂં અગાધ વૈભવ અને સામર્થ પૂર્ણપણે મારા સિવાય બીજો કોઇ સમર્થ થઇ શકે નહિં. માટે કોઇ એવા પ્રાણીને શકિત આપી હોય તો તે પ્રાણી વિચાર ચિંતવન કરશે તો તેને મારા સ્વરૂપનો, ઐશ્વર્યનો આનંદ થયા વગર રેહેશે નહીં" એવું સમજી બીજા પ્રાણીની પેઠે માણસને બુદ્ધિ તત્વ આપી તેમાં સારા સાર વિચાર કરવાની શકિત અને જ્ઞાન સંપાદન કરવાની પૂર્ણ નર શરીરાદિની સામગ્રી આપી છે. એ આપણા ઉપર તેનો કેટલો ઉપકાર થયો છે. માટે આપણે તેનો આભાર માની તેના ગુણ ગાન ગાઇને તેની સ્તુતી કરવી તથા ભજન પૂજન કરવું જોઇએ અને સમદમાદિ વિગરે ધર્મના જે દશ લક્ષણ કહ્યા છે. તે પ્રમાણે નાત જાતના રીવાજને માન આપી વર્તવું જોઇએ. એ આપણી ફરજ છે.

તા. ૧-૧-૧૯૦૩
કચ્છ માંડવી.

મોઢ માંડલીઆ મિત્ર મંડળના
પ્રેસિડેન્ટ
દ. ઉ

મોઢ માંડલીઆ મિત્રમંડળ તરફથી ગવાતા ઇશ્વર સ્તુતીનાં ગાયનો.

ૐ તત્સત્

:×✱×:

શ્રી પરમાત્મને નમઃ

ગણુપતીની પ્રાર્થનાં.

ભરજોડી ના મીલી સખીરી એ રાગ.

કટત વિકટ સંકટ સમરથ ગુણુ(૨) વિઘન હરન મંગલકારી
રટત નામ શુભ કરત કામ, કર તે પ્રણામ વારંવારી. ક. ૧
રત્ન સિંહાસન બેઠ ગજાનન (૨) લંબોદર વર ભુજચારી;
સિંદુર ભાલમેં ચંદ્ર ભાલ, અર્ણુંદીવ્ય વસ્ત્ર ભુપણુધારી. ક.૨
અષ્ટ સિદ્ધિનવ નિધિ નિરંતર (૨) નિત્ય કરત છુમ છુમકારી
ધિ ધિકટ ધુમીકટ તદધીલાંગદ, ધિમિ મૃદંગ ધુની ધુનકારી.
કટત. ૩
તાંડવ નૃત્ય કરત ગણુપત જબ (૨) હસત શંભુ ઉમીઆભારી
ચકિત ભયે બ્રહ્માવિશ્નુ, હરસીત સમેત ગગનચારી. ક. ૪
સીદ્ધિબુદ્ધિ પતીદીજે શુભમતિ (૨) દિવ્યજ્ઞાન વિદ્યાસારી
આર્ય સમાજનીરક્ષા જાન, સદધર્મ પાન અનુગ્રહકારી. ક.૫

દોહરો.

સવંત ઓગણીસ સો વલી, સાલ અઠાવન પવિત્ર;
ચાંદરાત સુદ પોષની, સ્થાપિ સભા સૌ મિત્ર
સનીવાર રળીયામણો, જાનેવારી માસ
ઓગણીશસો ને બે વલી, અગીઆર તારીખ ખાસ
સૌ સજનોને સુજીઉં, અંતર એમ વિચાર
સ્વાર્થ કશું જીંદગી તણું, જુઠો સૌ સંસાર
દિન નીશ કરવું વૈતરૂં, એક પેટને કાજ
ભરે પેટ તેવી રીતે, પ્રાણી સર્વ સમાજ
ઉત્તમ આવું ખોળીઉં, ઉત્તમ બુદ્ધિ સાર
ભજ્યા નહિં ભગવંતને, ધિક ધિક તે અવતાર
તે કારણ સ્થાપન કરી, આર્ય સમાજ આવાર
ચડતી નિશદીન તેહની, કરજે જગત કીરતાર
શીરનામી સ્વામી વંદુ, રાખો સઉની ટેક
સંપ સલાહ આરોગ્યતા, આપો અમને એક
ગુણ ગાઇએ સૌ હર્ષથી, અહો જગતનાંધીશ
એવી કરૂણા અમપરે, કરજે તું જગદીશ

હરીગીત છંદ.

નથી ભાષણો અહીં આપવા, કોઇ રાજના ગુણદોષના;
નથી બંધનો અહીં કાપવા, કોઈ કાયદા કે કેસના;
ધારો નથી અહીં સ્થાપવો, કોઇ કાયદાના કાજનો;

દિન દિન પ્રતી ચડતી થજો, આ આર્યના સમાજનો. ૧
ધન્ય દિવસ આજનો ને ધન્ય આજેની ઘડી.
સૌ સજનોના હૃદયમાં, આવી વડી શુભ મતી ચડી;
બહુ ભાવથી ઈશ ભકિત માટે, આવીઆ સભાજનો;
દિન દિન પ્રતી ચડતી થજો, આ આર્યના સમાજનો. ૨
અહીં આપવા છે ભાષણો, સઉ ઇશના ઉપકારના;
અહીં કાપવા છે બંધનો, દુઃખદ આ સંશારના,
ધ્યારો વલી અહીં સ્થાપવો છે, ધરમના શુભ કાજનો;
દિન દિન પ્રતી ચડતી થજો, આ આર્યના સમાજનો. ૩
સઉ ભ્રાત સંપી સ્નેહથી, અહીં ઇશ ભકિત આદરો;
દયાળુ જગદાધારના, ઉપકારના ભાષણ કરો,
ડરી ચાલશો સુખ પામશો, જગદીશથી સભા જનો;
દિન દિન પ્રતી ચડતી થજો, આ આર્યના સમાજનો. ૪

રાગ આશાગોરી.

જુઓ આ પ્રભુ તણી ગતિ ન્યારી,
દીશે સરવે જગતમાં આભારી; જુઓ.
રૂપો મુનિયોએ કીધો વિચાર (૨)
ગહન ગતી પ્રભુ તારી. જુઓ.
પંચ તત્વથી રચ્યું છે બ્રહ્માંડ (૨)
જેમાં છે શકિત છે તમારી: જુઓ.

સૂર્ય ચંદ્ર નક્ષત્રનું ભ્રમણ (૨)
દિશે અતિ ચમત્કારી. જુઓ.
પૃથ્વી પર્વત સરીતા સાગર (૨)
સર્વે જગત ઉપકારી; જુઓ.
સહસ્ત્ર મુખેથી સેસજી હાર્યા (૨)
ગુણ તારા બલીહારી. જુઓ.

રાગ બનઝારો.

જગદીશ આધાર તમારો, સઉ બાળ સંભાળથી તારો,
અમે પામર પ્રાણી પાપી, છો દયાવંત તથાપી;
તુજવીણ નહીં કોઇ આરો, સહુ બાળ સંભાળથી તારો. ૧
સંસાર મધે અમે સરવે, કુલ્યા ફરીએ ભરી ગરવે;
સંસાર પાર ઉતારો, સઉ બાળ સંભાળથી તારો. ૨
છો દયાવંત જગ કરતા, સઉ પ્રાણી તણા દુઃખ હરતા;
કરી બાળપરે ઉપકારો, સઉ બાળ સંભાળથી તારો; ૩
કરતા તુજગુણનું લેખું, નવપાર તેહુનો દેખું;
ઉપકાર તુજ અપારો, સઉ બાળ સંભાળથી તારો. ૪
નથી ભાળ તુજ ગુણગાવા, નથી જ્ઞાન સરણ તુજ થાવા;
અમસ્તુતી ઉરમાં ધારો, સઉ બાળ સંભાળથી તારો. ૫
અમે નિશ્ચય કીધો મોટો, સંસાર સર્વ છે ખોટો;
ખરી સાહેર બતાવો આરો, સઉ બાળ સંભાળથી તારો. ૬

તુજ નામ જગતમાં મોટું, તુજ વિના અરે સહુ ખોટું;
ભવસાગરમાંથી ઉગારો, સહુ બાળ સંભાળથી તારો. ૭
હે દયાનાથ જગસ્વામી, વદીએ અમે શીરનામી;
આ આર્ય અરજ ઉરધારી, સહુ બાળ સંભાળથી તારો. ૮

હરીગીત છંદ.

હર્ષથી ભરપુર હૃદયે, પ્રેમથી પ્રભુ પ્રણમીએ;
ગુણ ગાઇ તારા હેતથી, પ્રભુ ચર્ણ શીર નમાવીએ.
પ્રભુ આપ શુભમતિ પ્રેમથી, ગુણ ગાઈ તાહરા રાચીએ.
જય જય થજો તુજ ભકિતનો આ સૃષ્ટિમાં સર્વે સ્થળે.
આ મંડળી મળી પ્રેમભાવે આર્યનાં સમાજમાં,
કરવા વિવેચન ભકિતનાં દે ભાષણો અતિ સ્નેહમાં;
તે સાંભળી, ચિતે ધરી પ્રભુ પ્રેમભાવે પ્રણમીએ,
જય જય થજો તુજ ભકિતનાં આ સૃષ્ટિમાં સર્વે સ્થળે.
બે હસ્ત જોડી માગીએ પ્રભુ આપ ઉન્નતિ આત્મની,
દે ભકિત તારી સર્વદા માનીશ મુકિત પાપની;
ધરી ધ્યાન તારૂં હૃદયમાં તુજ ચરણ શીશ નમાવીએ,
જય જય થજો તુજ ભકિતનો આ સૃષ્ટિમાં સર્વે સ્થળે.

કુંવરી કુંવર મારા લાડકા—એ રાગ.

પ્રેમ ભાવે પ્રભુ પ્રણમીએ, કરી વિનંતાસાર;

ઓરે દયાનીધી દેવ તું, કરજે ભકત સંભાળ. પ્રેમ. ૧
ભકતી પ્રભુ તારી આપજે, સાચી શુદ્ધ સાળ;
જે થકી પામીએ મુક્તિને, આપો સદ સુવિચાર. પ્રેમ. ૨
કરૂણા કરોને કૃપાનીધી, દીનાનાથ દયાળ;
આર્ય સમાજની ઉન્નતિ, કરજે કૃષ્ણ કૃપાળ. પ્રેમ. ૩
બાળક મળી આજે સહુ, માગે છે વરદાન;
કૃપા કરી પ્રભુ સર્વને, આપો અવીચળ ધામ. પ્રેમ. ૪
અલ્પ બુદ્ધિથી પ્રાર્થના, કરી ભકતોએ સાર;
ઘટીત હશે તે સ્વીકારશો, પ્રભુ સર્વ આધાર. પ્રેમ. ૫
જે થકી ઉદ્દભવ જગતનો, જેથા પામે વિરામ;
એવા પ્રભુને નમી કરી, રટીએ નીશદીન નામ. પ્રેમ. ૬

રાગ ક્ષાત્ર કલંક.

આવો આર્ય બંધુ આવાર, આપણે ઇશભકિત કરીએ.
નહિં ધરો દીલમાંહી વિચાર; આપણે ઇશ.
શાને વખત ગુમાવો છો ભ્રાત, આપણે ઇશ.
થશે તેથી આપણને શાંત. આપણે ઇશ.
અરે ભ્રાતો વિચારો મન, આપણે ઇશ.
માટે ખરા અંતરથી દીઓ મન; આપણે ઇશ.
જેમ માતા તજે નહિં બાળ, આપણે ઇશ.
તેમ તજે નહિં કૃષ્ણ કૃપાળ. આપણે ઇશ.
નહિં ભકિત છોડો તમો જન, આપણે ઇશ.

માટે ખરા દીલથી દીઓ મન; આપણે ઈશ.
જુઓ કેવા કેવાઓને આપ્યું સુખ, આપણે ઈશ.
કરી ભકિત સભા સનમુખ. આપણે ઈશ.
જુઓ દ્રૌપદીનાં પુર્યાં ચીર, આપણે ઈશ.
તેમ પ્રલ્હાદને આપી તેણે ધીર; આપણે ઈશ.
તેમ આર્ય બંધુની કરશે વાર, આપણે ઈશ.
માટે કદી નહિં છોડો શનીવાર. આપણે ઈશ.

———:×✱×:———

રાગ કલ્યાણ.

————

શ્રી હરીહરા ચરણમાં સદા,
રાખજે દયાળ તું ન વિસરી કદા.
પાપ અમારા માપ વગરનાં, અહો દયાળુ બાપ; (૨)
ક્ષમાદ્રષ્ટીથી માફ કરીને, માફી તેની આપ. શ્રીહરી.
અભિમાનથી ભરપુર સર્વે, અમો બાળ અજ્ઞાન: (૨)
તુજ ગુણનું વર્ણન કરવા, નથી અમોને ભાન. શ્રીહરી.
ગણનાં કરતાં ગુણનાં તારી, પાર ન પામે શેશ; (૨)
તો પામર પ્રાણી શું ગણીએ, નથી જ્ઞાન વિશેશ. શ્રીહરી.
ઠાર ઠાર ઉપકાર તાહરા, નજરે આવે નાથ; (૨)
વર્ણન તેનું લખવા માટે, હોય હજારો હાથ. શ્રીહરી.
તો પણ તેનો પાર ન આવે, અહો પાપ મોચન;(૨)
માફી માગી અરજ ગુજારીજો, ખોલ જ્ઞાન લોચન. શ્રીહરી.

ભવસાગરમાં ભમીએ ભુલા, ભુલ્યા તુજ ઉપકાર; (૨)
માટે અમને જ્ઞાન દૃષ્ટિ દે, અહો જગત કિરતાર. શ્રીહરી.
નિશદીન તારૂં ધ્યાન હૃદયમાં, વ્યાપે અમને ઇશ; (૨)
સંપસલાહથી વશીએ સર્વે, બુદ્ધિ દે જગદીશ. શ્રીહરી.
શીર નમાવી ચરણે તારે, માગે સર્વે બાળ; (૨)
આર્ય સમાજની વિનંતી લક્ષે, લેજે દીન દયાળ. શ્રીહરી.

રાગ મુજ ઉપર ગુજરી.

હે પરમ કૃપાળુ જગ પ્રસિદ્ધ પરમેશ્વર,
તારી મહિમાનો નહિં પાર, રહેમ અમપર કર. હે પરમ.
અમે બાળ તાહરા વિનંતી કરીએ તારા,
તે કૃપા કરી લે ધ્યાન હૃદયમાં તું ધારી. હે પરમ.
તું સદાએ વ્યાપક જગત વિશે છો સ્વામી,
કર મહેર આર્યપર હમેશા અંતરજામી. હે પરમ.
છો પ્રભુ દયાળુ આપ નિરંજન ન્યારા,
તેનું વર્ણન કરવા નથી જ્ઞાન ઇશ પ્યારા. હે પરમ.
તમે રચ્યા પૃથ્વીપર પ્રાણી પર્વત સારા,
તેમ પશુ પક્ષી ઓર ચંદ્ર સુરજને તારા. હે પરમ.
અમો મનુષ્ય માત્રનો પૈદા તું કરનારો,
તુજ વિના એ જગમાં નથી કોઇનો આરો. હે પરમ.
સહુ મળી પ્રાર્થનાં ઇશ તાહેરી કરીએ,
તું ઉગાર અથવા માર એમ મન ધરીએ. હે પરમ.

બનજારો.

હે મુંઢ સમજ મન મારા, શું હાલ થશે પછી તારા;
જેમ જન્મ ધર્યો તેમ જાશે, પછી ત્યાં તને પુછાશેરે; (૨)
શું દઈશ જવાબ બીચારા, શું હાલ થશે પછી તારા. હે.
તેં જાણ્યા નહિં જગકરતા, જે સર્વે પ્રાણી દુઃખહરતારે; (૨)
નહિં ઓળખીઆ તેં આધારા, શું હાલ થશે પછી તારા. હે.
મારૂં તારૂં કરવામાં, ભંડાર પાપ ભરવામાંરે; (૨)
રચી રહ્યો સકળ દીન સારા, શું હાલ થશે પછી તારા. હે.
પરનિંદા તુજને ગમે છે, ચિત લિત સઘેજ ભમે છેરે; (૨)
નથી અંતર જગદાધારા, શું હાલ થશે પછી તારા. હે.
છો પાપ કર્મમાં પુરો વળી દુષ્ટ કામમાં સુરોરે; (૨)
તેથી અંતે નથી કાંઈ આરા, શું હાલ થશે પછી તારા. હે.
હજી હાથ મધે છે બાજી, માટે કર ઇશને રાજીરે; (૨)
છોડી દે કામ નઠારા, શું હાલ થશે પછી તારા. હે.
મુકી દઇ સર્વ અનીતિ, તું જોડ ઇશ શું પ્રીતીરે; (૨)
ભજ ભકિતથકી ઇશ પ્યારા, શું હાલ થશે પછી તારા. હે.
તે સ્તુતિ ઉરમાં ધરશે, તુજ પાપ માફ તો કરશેરે; (૨)
છે દેવ દયાળુ ન્યારા, શું હાલ થશે પછી તારા. હે.

—————:o:—————

રાગ લાવણી.

ઓ ઇશ જગતનાં ધીરા, નમાવી શીશ કરૂં હું ચરણજી; (૨)

તું સાંભળ જગદાધાર, અમારી મરજી. ઓ ઇશ.
સંસાર પાર ઉતાર, તાર કીરતાર, અમોને સ્વામી; (૨)
અરજી તું ઉરમાં ધાર, અરે બહુ નામી. ઓ ઇશ.
સૌ બાળ તણી લે ભાળ, કરી સંભાળ, સર્વ તુજ શરણે; (૨)
ઉપકારી કર ઉપકાર, અરજ ધરી કહે. ઓ ઇશ.
છો નિરાકાર, સાકાર, જગત આધાર, રૂપ બહુ તારા; (૨)
વળી જગમાં તારા કામ, સર્વથી ન્યારા. ઓ ઇશ.
જે પાપ કરૂં હું બાપ, નજરથી આપ સર્વ જાણે છે; (૨)
દૂતો તારા તુજ કને ખબર આણે છે. ઓ ઇશ.
ખાલી તુજ વીણ નહીં ઠામ, જરા કાંઇ આમ અરે જગકર્તા;૨
છો સર્વે વ્યાપક ઇશ, જગત દુઃખહરતા. ઓ ઇશ.
થાકે છે મારા હાથ, અરે હે નાથ, લખી ગુણ તારા; (૨)
શું લખું દયાનાં નાથ, નથી કાંઇ આરા. ઓ ઇશ.
હે ઇશ, વિનંતી એક, અરે તું છેક, અંતરે ધરજે. (૨)
આ આર્ય બંધુનાં, કષ્ટ સર્વ તું હરજે. ઓ ઇશ.

રઘુપતી રામ હૃદયમાં રહેજોરે–

અરે સહુ આર્ય બંધુ અહિં આવોરે.
ઇશ ભકિતનો લેવાને લ્હાવોરે.
ફરી અવસર નહિં આવે આવો– ભજો તમે ભાવ.
થકી જગકર્તારે.
જન્મ ધરી ફરીએ છે એ ફુલ્યારે.

૫૫૨

મોહ જાળથી અંતર ડુલ્યારે;
તેથી ભગવત નામજ ભુલ્યા. ભજો તમે.
આપ આયુષ કેટલું ધારોરે,
અર્ધ રાત્રીથી ગયું તે વિચારોરે;
હરી ભજવા વિના નથી આરો. ભજો તમે.
હતા માતા ઉદરમાં જ્યારેરે,
ઇશ્વર ભકિત કરી બહુ ત્યારેરે;
પછી ઉદરથી આવ્યા બહારે. ભજો તમે.
બ્હાર આવી વિસાર્યા વીશ્વંભરરે;
જે છે અખીલ જગતનો પરમેશ્વરરે;
માયા લાગી છોડી દીધા ઇશ્વર. ભજો તમે.
બાળ વરશનું બાળક લેખાણુંરે,
ઇશ્વર ભજવાનું ન મળ્યું ટાણુંરે;
હેતે હરીનું નામ ન જાણ્યું. ભજો તમે.
જુવાનીમાં દીવાનાં ફરો છોરે,
ચિત પ્રિત પરાયું હરો છોરે;
નથી હરીથી જરાએ ડરો છો. ભજો તમે.
વીતી જુવાની ઘડપણ આવ્યુંરે,
તદપી ઇશ્વર નામ ન જાણ્યુંરે;
ત્યાં તો જમ દુતોનું આવ્યું આણું. ભજો તમે.
દેખી જમડાને મન ગભરાણુંરે,
હાય હરી ભજવાનું ખોયું ટાણુંરે;
ખોટ ખાધી ટકાજ નવાણું. ભજો તમે.
ઘણા આર્ય બંધુઓ વદે છેરે,

હજુ ઉમ્મર આપણી શું છેરે;
ઇશ ભકિતનું ટાણું આવે છે. ભજો તમે.
નથી સમજતા મનમાં આવુંરે,
અચાનકનું પડે છે ત્યાં જાવુંરે;
પછી અંતર રહેશે પસ્તાવું. ભજો તમે.
હરી ભજવામાં નવ બેસે નાણુંરે,
નથી જોતું ત્યાં ટાણું કટાણુંરે;
મોટો મહીમા ભકિતતણો જાણું. ભજો તમે.
મનુષ્ય માત્રનો હિત કરનારોરે,
સર્વે પ્રાણીને સુખ દેનારોરે;
ઉપકારીના ભુલ્યા ઉપકારો. ભજો તમે.

નાથ નવ કરો—એ રાગ.

સુંઠ નવ ધરો મનમાં બીજાજરે, (૨)
છોડી કામ, સઉ તમામ, હૃદય ઠામ, એક રામ,
નામને ભજોનીરે. સુંઠ.
મુકિત પામવા પ્રેરણા કરોનીરે, (૨)
જગદાધાર, કરશો વાર, બાળ તાર, ઉતાર પાર,
અજ્ઞાનીને હમેશારે. સુંઠ.
ઇશ્વર એક છો જગમાં પ્રસિદ્ધરે, (૨)
કષ્ટ કાપ, સુમતિ આપ, દયાળુ બાપ, સુખ આપ,
આર્યને હમેશારે. સુંઠ.

વિશ્વનાથ હો સૃષ્ટિનાં નીયંતરે; (૨)
મળી સમાજ, આર્ય આજ, વિનંતી કાજ, આવ્યા
મહારાજ, અરજ લક્ષમાં લેનીરે. સું૦.

———:o:———

ભેખરે ઉતારો રાજા ભરથરી. એ રાગ.

જીવરે વિચારી જો માહેરા.
અંતર ઉંડું વિચારીને, ખોટી નવ બાંધો આશજી;
રહ્યુંરે નથી ને રહેશે નહિં, નામ સઘવાનો નાશજી. જીવરે.
આછે મારૂં આછે તાહેરૂં, કરવું ફોકટ સર્વજી;
અંત સમે કો નહિં આવશે, ખાલી ધરવો શું ગર્વજી. જીવરે.
થઈરે ગયાને થાશે બહુ, રંક રાણાને રાયજી;
પડીરે ગયાને પડશે સહુ, કોઇ અમર ન થાયજી. જીવરે.
માત પિતાને ભ્રાતા વળી, ઘરની નારી સુજાણજી;
જાશો રોશેરે બેઠા સહુ, જમ લઈ જાય પ્રાણજી. જીવરે.
સાથે વળીરે આવે નહિ, ધન દોલતને ધામજી;
ફક્ત સાથેરે આવે તહીં, કીધું હોય શુભ કામજી. જીવરે.
માટે વિચારી જો માહેરા, જીવ તું દીલ સાથજી;
છોડી દે કપટ ફંફાસને, ભાવે ભજ જગનાથજી. જીવરે.
નથીરે કેતો થા સન્યાસી તું, નથીરે કેતો ઘર મેલ તું;
જગત મધે રહી જીવડા, જગત તાતને દેખ તું. જીવરે.
ચાલ સુનીતીથી સર્વદા, જોડ હરીશું તું પ્રેમજી;
અંતર ડર તું કુકૃત્યથી, રાખ સુકૃત્યનો નેમજી. જીવરે.
રચના રચી છે બ્રહ્માંડની, જેની શક્તિ છે અપારજી;

સમર સાચા એવા દેવને, જેથી પામીશ પારજી. જીવરે.
સંતોષી થા સહુ કામમાં, તજ તું અદેખાઇજી;
ઇછ અંતરમાં સહુ આર્યનું, ભલુ જગતમાં ભાઇજી. જીવરે.
ચાલ કુટુંબમાં સંપથી, ચાલ હરીશું દ્રઢ ભાવજી;
જગત તરવાનું તે વિના, ઉત્તમ બીજું નવ નાવજી. જીવરે.
વૃદ્ધ તેને તું માન દે, નાનાપર રાખ મહેરજી;
સમાન સંગે પ્રીતિ રાખીને, ગર્વ નહિં ધર દેહજી. જીવરે.
દ્રવ્ય મળે ગર્વ છોડજે, ગયે તજજે તું શોકજી;
સુખ દુઃખમાંરે સમાન તું, રેજે જગત છે ફોકજી. જીવરે.
પ્રભુને કદીરે વાલું નથી, તારૂં પાપીષ્ટ કામજી;
માટે તજી દે તું જીવડા, જગત તાતને દેખજી. જીવરે.
છેવટ સાચુંને સાચું વળી, સાચું સાચું હર નામજી;
રટવાથી તુજનેરે જીવડા, મળશે અવિચળ ધામજી. જીવરે.

જોડી તમે ના જોઇ માડી. એ રાગ.

જુવો તમે જગત મધે વીરો, (૨)
ફરી હાથ નહીં આવે એવો હરી નામ હીરો. જુઓ.
નાશ સહુ એક સમે થાશે, (૨)
રહ્યું નહીં રહેશે નહીં સર્વે એક સમે જાશે;
કામ આ જગમાં શું કીધું, (૨)
ધરી જન્મ તેં જીવ અરે શું હરી નામ લીધું.
ફરે છે ફોકટ તું ફુલ્યો, (૨)
ભવસાગરની નૌકા જે હરી નામનેજ ભુલ્યો;

જન્મ વહી જાશે નહી નીરો, (૨)
ફરી હાથ નહીં આવે એવો હરી નામ હીરો. જુઓ.
ગયા ચાલી સઘળા જગથી, (૨)
હતા મહા બળવાન ઘણેરા બાથ ભરે નભથી;
કહે શું શકિત છે તારી, (૨)
માટે સમજી લે શીખામણ અરે મિત્ર મારી.
રાખ તું પ્રીતી હરની સાથ, (૨)
ભજ ભાવથી જગકર્તા જે મોટા જગદીસા;
છોડી દયો ક્રોધ કપટ વીરો, (૨)
ફરી હાથ નહીં આવે એવો હરી નામ હીરો. જુઓ.
નમું હું નમું હરી તમને, (૨)
ભવસાગરથી તાર હરી તું પ્રીતથકી અમને;
શરણ તારે સર્વે આળો, (૨)
હાથ ગ્રહી હરી ભવસાગરથી પ્રીતે સંભાળો.
અરે હું અપરાધી તારો, (૨)
કરો માફ અપરાધ હરી જે હોય સર્વે મારો;
નમાવી શીશ નમું તમને, (૨)
ભવસાગરથી તાર હરી તું પ્રિત થકી અમને. જુઓ.

ભુજંગી છંદ.

હરી હેતથી ઝાલ તું હાથ મારો,
પુરો પાપીઓ છું હરી હું તમારો;
નથી જ્ઞાન તારા પ્રભુ ગુણ ગાવા,

નથી જ્ઞાન તારા પ્રભુ ગુણ ગાવા.
કરૂં તાહેરી પ્રીતથી નીત્ય સેવા,
મને જ્ઞાન તું નીત્ય દે એજ દેવા;
કરો માફ જે હોય સહુ પાપ મારા,
અહો બાપ તું આપજે ચરણ તારા.
કરૂં ભકિત તારી સદા ભાવ રાખી,
રહુ ખુશ હું તાહેરા ગુણ ભાખી;
રટું શુધ દિલે હરી નામ તારૂં,
કરી દે હરી શુદ્ધ તું દીલ મારૂં.
કરી વીનંતી હું નમું હાથ જોડી,
છઉં અલ્પ પ્રાણી પ્રભુ બુદ્ધિ થોડી;
સ્વીકારી લઇ દાસની આ વીનંતી,
પ્રભુ આપજે પ્રીતથી તુજ ભકિત.
ધરી જન્મ હું ભુલ્યો નામ તારૂં,
થયું વશ આ જગતમાં દીલ મારૂં;
થયો અંધ હું જગતનું સુખ દેખી,
પ્રભુ અંતરે તુજ ભકિત ન પેખી.
એવો પાપી પુરો પ્રભુ હું અભાગી,
અતી ભકતી દાતા ફરી ભકતી ત્યાગી;
ફગાવી દીધો ભકિતરૂપી અગ્નીને,
અરે ભુલ કીધી પ્રભુ તે ઘણીયે.
પુરો વાંકમાં હું ફરી તુજ આવ્યો,
હૃદયે હારીને શરણે તારે હું આવ્યો;
ધરી દીલમાં તું દયા દીન દાતા,

મને તાર સંસારથી સુખદાતા.
નમાવી નમું શીશ હું જગતકર્તા,
સહુ રંકનાં કષ્ટો નાશકર્તા;
પ્રભુ પ્રેર તું મુજને તુજ શક્તિ,
પ્રભુ આપજે પ્રિતથી તુજ ભક્તિ.

કહું શું નસીબે. એ રાગ.

પ્રભુ અમારી લે અરજ ઉર ધારી,
ભવજળથી દે તું પાર ઉતારી. પ્રભુ.
અમે છઇએ બાળ તારા મોરારી, (૨)
અમ ભક્તિ લે તું દીલમાં સ્વીકારી. પ્રભુ.
ભક્તિ પ્રભુ તારી આપજે હરનીશ, (૨)
જે થકી પામીએ ઉન્નતી પરમ ઇશ. પ્રભુ.
નથી ભાન તુજ ગુણ ગાવા અમોને, (૨)
કૃપા તુજથી તાર આર્ય જનોને. પ્રભુ.
નમી નમી નાથ ચરણે પડીને, (૨)
માગીએ તુજ પાસ વિનતી કરીને. પ્રભુ.
સંપ સલાહથી સર્વે રહીએ, (૨)
એવી બુદ્ધિ નીત્ય હૃદયમા લઇએ. પ્રભુ.
સહુ સુખદાયક તું પીતુ માતા, (૨)
તુજ વિણ નહિં કોઇ જગત વીખ્યાતા. પ્રભુ.
દયાળુ પ્રભુ સર્વ શક્તિથી તારી, (૨)
કવીતા રચી છે અલ્પ બુદ્ધિથી સારી. પ્રભુ.

આરતી.

જય દેવ જય દેવ, જય જગદાધારા; (૨)
અંતર્યામી અપારા, (૨) સર્વાતમ સારા. જય દેવ.
સ્વાયંભુ વીભુ આપ, ત્રીભુવનમાં વ્યાપો; (૨)
સુખ સંતોષો આપી, (૨) કીલ્વીશ સહુ કાપો. જય.
મંગળ સુંદર રૂપ; કરૂણામય તારૂં; (૨)
પ્રેમભાવથી મારા, (૨) ચીતમાં નીત્ય ધારૂં. જય દેવ.
શ્રધ્ધારૂપી અર્ધ્ય આપું હું ચરણે; (૨)
ગંધાક્ષત ભક્તિનાં, (૨) અર્પી રહું શરણે. જય દેવ.
એકાગ્રેથી ધ્યાન ધારૂં હું ચીતે; (૨)
પ્રેમપુષ્પ વધાવું, (૨) પ્રભુ શીર્ષે નીત્યે. જય દેવ.
સદાકાળ શાનીધ, જાણીને દેવા; (૨)
જ્ઞાનરતીથી નીરખું, (૨) એ ઉત્તમ શેવા. જય દેવ.
વિસ્તારી વીશ્વેશ, અતિ અદભુત માતા; (૨)
સાષ્ટાંગે તમને હું, (૨) પ્રણમું જગરાયા. જય દેવ.
અવગણુના અપરાધ, અતીશય છે મારા; (૨)
ક્ષમા કરો કરૂણાથી, (૨) પ્રભુ જગદુધ્ધારા. જય દેવ.

તથાસ્તુ.

પૂર્વણી.

અહુસ્થી અમોએ જે આ મંડળ સ્થાપ્યું છે તેનો ઉદ્દેશ કાંઇ રાજ્યકી ધારા બાંધવા કે તેમાં ફેરફાર કરવાનો નથી તેમ પારકા ધર્મોને વખોડવાનો પણ નથી પરંતુ પરમ કૃપાળુ પરમાત્માએ આપણને જે યોનીમાં જન્મ આપ્યો છે અને તેને પ્રભાવે જે ધર્મ આપણા માટે નીર્માણ કર્યો છે તે ધર્મની ઉન્નતિ કેમ થાય અને આપણી ધાર્મીક વૃતિ કેમ જાગૃત થાય તેવા ઉદ્દેશથી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે. ધર્મ એ સબ્દનો અર્થ ઘણોજ ગહુન છે. તેને માણસની મનોવૃતિ જ્યાં દોરી જાય ત્યાં દોરાય તેવો છે. તેથી કોઇ મહુમદને, કોઇ ઇસુને અને કોઇ શિવ, વિષ્ણુ અને દેવીને માને છે. પણ ખરો ધર્મ તો મનુએ જે દરશાવેલો છે તેજ છે. તે પ્રમાણે વર્તવાની અમારી વૃતી છે. તેને મદદ કરવાની દરેક સુજ્ઞ પુરૂષની ફરજ છે.

ધર્મ એ એક આપણી સાંસાકીક, સામાજીક અને પ્રાપંચીક સ્થિતીનો મુળ પાયો છે. જેવી રીતે જ્યાં સુધી મુળ પાયો મજબુત ન થાય ત્યાં સુધી મજબુત ઇમારત થઇ શકતી નથી. તેવીજ રીતે જ્યાં સુધી આપણી ધાર્મીક સ્થીતી સુધરશે નહિ ત્યાં સુધી આપણી કોઇ પણ સ્થીતી સુધરવાની નથી. કદાચ પુર્વ જન્મનાં કર્મને લીધે દુરાચારથી વરતનારા કાંઇક સુખી દેખાય છે પણ તેવા

દુરાચારીની સ્થિતી ઝાંઝવાનાં પાણી માફક છે એટલે જે-વી રીતે પાણી દેખાય છે પણ ખરૂં પાણી હોતુ નથી. તેવીજ રીતે નાસ્તીક અને દુરાચારી લોકોની સ્થિતી જો કે ઉપરથી સારી દેખાય છે પણ તેનુ મન મલીન તેથી તે ખરેખરો દુખી હોય છે. જો તમે તમારૂં પોતાનું, તમારા કુટુંબનુ તમારા દેશનું, તમારી જ્ઞાતીનુ અને આખા જનસમુહનું ભલુ કરવા ઈછતા હો તો ખરા ધર્મ ચાલો, શાંત, સદાચારી, સદ્‌ગુણી અને દીન જનોને સહાયતા કરો અને લોકોના કલ્યાણ માટે તત્પર થાઓ અને તેમાં મથન કરનારાઓને સહાય કરો. દયાળુ અને પરોપકારી બનો કારણ ખરો ધર્મ તેમાંજ રહેલો છે. દરેક મનુષ્ય પાસે જુદા જુદા પ્રકારનું દ્રવ્ય હોય છે. કોઈ પાસે પૈસાનુ, તો કોઈ પાસે શરીરનું, કોઇ પાસે બુદ્ધીનુ તો કોઇ પાસે જીભનું ત્યારે તે દરેકની ફરજ છે કે તે દરેકે પ્રાણી માત્રનાં ભલા માટે પોતાને બક્ષાએલ દ્રવ્યનો ઉપયોગ કરવો જોઇએ કારણ કે વ્યાસજીએ મહાભારતમાં કહ્યું છે કે परोपकारः पुण्याय पापय परपीडनम्‌ः એટલે કે પરોપકાર એ મહાપુણ્ય છે અને બીજાઓને દુખ દેવું એ મહા પાપ છે.

પ્રિય વાંચનાર—તમારી અંતર દ્દષ્ટિ જરા ઉંચી કરી જુઓ તો તમને માલમ પડશે કે તમારા પ્રતાપી વડીલોની ઉત્તમ સ્થિતી હતી તેનું કારણ શું અને તમારી સાંપ્રત કાળની દુઃખદાયક અને ભૂખમરો ઉપજાવે એવી સ્થિતિ થવાનું કારણ શું? તેઓ ખરી શ્રદ્ધાથી ધર્મના

નિયમ અનુસાર વર્તતા હતા. અને આપણે તેથી ઉલટી રીતે ચાલીએ છઇએ. તેથીજ આપણે અધમ સ્થિતિએ પોચ્યા છઇએ. આ નીચે મુમુક્ષકનાં પાઠ આપ્યા છે તે વાંચી તે પ્રમાણે વરતવામાં આવશે તો મહેનત સફળ થઇ ગણાશે.

હે મનુષ્ય! તારા હૃદયમાંની સર્વ દુષ્ટ વાંસનાઓનો ત્યાગ કરવા શીખ. અવિચારી કર્મથી દુર રહે. મનની સ્થિરતા કર. તારા વ્યવહારો, ઠગપણુ અને બગાઙ ષિપણાથી દુર રાખ. જુઠા ફોકટ ફાંફા મારનારા જુવાનીઆની મિત્રતાઇથી તું દુર રહે. તારી પોતાની અને તારા સગાંઓની ખાનગી વાત કોઇને કહીશ નહિ. ધનવાનની મહેરબાની મેળવવાની આશા રાખીશ નહિ. ગરીબને કોઇ દિવસ પણ ધિકારીશ નહિ. કારણ કે જે ગરીબને ધિકારે છે તે પોતાનેજ ધિકારે છે. સઘળાને સરખા ગણી ભ્રાતૃભાવ રાખ.

હે બંધુ! દારૂની ધિક્કારવા રૂપી લતને કદી આધીન થઇશ નહિ એટલુંજ નહિ પણ દારૂડીયાના સંગમાં કદી આવીશ નહિ. ઇશ્વરી આજ્ઞાથી પુરવાર કરવામાં આવ્યુ છે કે મનુષ્ય પ્રાણી ઉપર આવી પડતાં તમામ દુખોનો અડધો ભાગ દારૂરૂપી કટો દુશ્મન લાવે છે. દારૂ પીવાથી મનુષ્યની બુધ્ધિ અને વિચાર શકિત નાશ પામે છે. વિચારશકિત નાશ પામવાથી તેઓનાં તન મલીન થઇ દુષ્ટ વાસનાઓમાં અને દુરાચારમાં ફસાતા વાર લાગતી નથી. દારૂથી આગલા ભવમાં કરેલાં સારા કર્મનું પુણ્ય બળી જાય છે. જેથી તે અધમ સ્થિતિને પામે છે, અને

આખરે બુરી દશાને પામે છે. લક્ષ્મિનો નાશ થાય છે અને શરીરનાં પ્રમાણું સડી ઘટી જઈ આયુષ્ય પણ ટુંકુ થાય છે. માટે બંધુઓ આપને અમારી નમ્રતા પુર્વક અરજ છે કે આ દુષ્ટ અને ભયંકર દુરગુણનો તમારા હૃદયમાં સ્વપ્ને પણ વાસો થવા દેશો નહિ. અને તમારા સગા સબંધિ મિત્રોને તેના સબંધમાં આવતા અટકાવવા પ્રયત્ન કરશો તો ખરેખરૂ પુણ્યનુ કામ બજાવ્યુ ગણાશે અને પરમેશ્વર પણ તમારા ઉપર મહેરબાન રહેશે. કારણ જ્યાં સદ્ગુણ છે ત્યાં જય છે.

આપણા સરવેનાં જાણુવામાં છે કે શુભ કામમાં હમેશા વિઘ્ન તો આવ્યા વગર રહેતું નથી. અમારા મિત્ર મંડળને તેવીજ માફક ઘણી અડચણો નડી છે અને હજી પણ નડે છે. કોઈ પણ સુધારાના કામો તેમનો ફેલાવો કરનારની મોટી મોટી આશાઓની વચમાં પાછી પાની કરે છે. પરંતુ જો આપણા અંતઃકરણમાં ઉત્તમ વિચારશકિત અને ખંતપણાથી વારંવાર નિષ્કામવૃતિથી સત્ય પુરૂષાર્થ જારી રાખીશું તો વખત જતાં ધારેલા શુભ હેતુઓ તેના વાવેલા બીજનાં પ્રમાણમાં આગળ જતાં ફળીભુત થયા વગર રહેશે નહિ. માટે હે બંધુઓ, ઉઠો, જાગ્રત થાઓ, અને સ્વપ્નાવશ અવસ્થાનો ત્યાગ કરો, અમોએ જે ઝુંડો ઉઠાવેલો છે તેમાં સહાય કરો. પ્રાણી માત્ર તરફ ભ્રાતૃ ભાવ રાખો. જેથી પરમ કૃપાળુ પરમાત્મા પ્રસન્ન થઇ આપણી સર્વ મન કામના પુરી કરશે. અને મુકિતરૂપી સ્વધામે પોચવામાં મદદ કરશે.

ॐ शान्ति शान्ति शान्ति.

પ્રભાતીયું.

ઇઆબલીરે તુને હરિગુણ ગાતાં—એ રાગ.

શીવ જોગી યશ ગાયોરે બાવા, મેં જોગી યશ ગાયોરે;
બ્રહ્મા ગાયો, વિષ્ણુ ગાયો, ખોજતપાર ન પાયોરે.
પરબ્રહ્મકો મુખ દેખનકું, સકળ સાંઇ શીર આયોરે. શીવ.
દેવકી જાયો, ગોકુળ આયો, જશોમતિ સુખ પાયોરે;
કૈલાસથી આયોરે ડીગંબર આયકે અલખ જગાયોરે. શીવ.
ભીક્ષા લેકર આઈ નંદરાની, શંકર શીશ ધુનાયોરે;
બાળ દેખકર ગર્જરે ભુવનને, આયકે અગર અડાયોરે. શીવ
ક્યા કરું મૈયા તેરા પાટ પીતાંબર, ક્યા કરું કંચન માયારે;
તેરે બાળકકો મુખ દેખનકું, મેરે ગુરુને બતાયારે. શીવ.
હાથ જોડકે ખડી નંદરાની, સુનો જોગીઆકા રાયારે;
બાળક તેરા ન દેખાઉં ડીગમ્બર, બાળક જાત ડરાયોરે. શીવ.
જાકે નહિ સકળ સચરાચર, સો ક્યું જાત ડરાયોરે;
મેરો ઠાકુર અલખ નીરંજન, સો ક્યું ભુવન છુપાયોરે. શીવ.
બાળકૃષ્ણકો લાઇ નંદરાની, શંકર શીશ નમાયોરે;
[illegible] કર સન્મુખ લીનો, શૃંગી નાદ બજાયોરે. શીવ.
[illegible] તેરા બાળક, ભોળા શંકર સુખ પાયોરે;
સુર [illegible] સોદા, પુરણ પુણ્યસે પાયોરે. શીવ.

સર્વ સદ્ગૃહસ્થોએ પોતાનાં ઘરમાં રાખવા લાયક પુસ્તક.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

કચ્છ-માંડવી—મોઢ માંડણીઆ મિત્રમંડળ ભાંડલીઆ ફળી

કચ્છ-ભુજ—મોઢ માંડણીઆ મિત્રમંડળ પારેશ્વર ફળીઉં.